GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

# 'भ्रष्टाचारसप्तशती' માં દર્શાવેલ ભ્રષ્ટાચારને નાથવાના ઉપાયો

વિનોદભાઈ રામસિંહભાઈ પરમાર
મુ.પો. બોરીયાવી
તા. જિ. આણંદ

સમગ્ર રાષ્ટ્ર જ્યારે વિકાસ અને પ્રગતિના માર્ગે આગળ વધી રહ્યું હોય ત્યારે તેની સાથે ભ્રષ્ટાચારરૂપી વેલ પણ વિકસતી જાય છે. ભ્રષ્ટાચાર દેશની આર્થિક, સામાજિક અને નૈતિક પ્રગતિને અવરોધે છે. રાષ્ટ્રની ગતિ ધીમી પાડનાર આ દુષણને નાથવા માટે ડૉ. શિવસાગર ત્રિપાઠીએ પોતાના ગ્રંથ **'भ्रष्टाचारसप्तशती'**માં ઊંડું અને વ્યાપક ચિંતન રજૂ કર્યું છે. આ લેખમાં ગ્રંથમાં સૂચવાયેલા ભ્રષ્ટાચાર નાબૂદીના વિવિધ ઉપાયોનું વિશ્લેષણાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે.

**ભ્રષ્ટાચાર : રાષ્ટ્ર માટેનો મહા અવરોધ**

'ભ' અક્ષરથી શરૂ થતાં ભ્રષ્ટાચાર, ભય અને ભોગવિલાસ—આ ત્રણેય રાષ્ટ્ર માટે અત્યંત ઘાતક છે. ભ્રષ્ટાચાર માત્ર વ્યક્તિગત દોષ નથી, પરંતુ સમગ્ર વ્યવસ્થાને ખોખલી બનાવે છે. જ્યાં સુધી માનવીમાં અતિભોગની ઇચ્છા અને ધનનો લોભ જીવંત રહેશે ત્યાં સુધી ભ્રષ્ટાચારનો અંત શક્ય નથી. દુઃખની વાત એ છે કે ભ્રષ્ટાચારની નિંદા કરવા માટે લોકો ખુલ્લેઆમ આગળ આવતાં નથી.

**ભ્રષ્ટાચાર નાબૂદી માટે આત્મશક્તિ અને નૈતિક મૂલ્યો**

ડૉ. ત્રિપાઠી સ્પષ્ટ કરે છે કે ભાષણો, ઘોષણાઓ, આદેશો કે આશ્વાસનોથી ભ્રષ્ટાચાર સમાપ્ત થતો નથી. ભ્રષ્ટાચાર સામેનું સૌથી મોટું શસ્ત્ર માનવીની આત્મશક્તિ છે. જ્યાં નિયમ, સંયમ, શીલ, તપસ્યા, દાન, દયા અને ઇન્દ્રિયદમન જેવા ગુણો હોય છે ત્યાં ભ્રષ્ટાચાર ટકી શકતો નથી. આ ગુણો જ ભ્રષ્ટાચારના મૃત્યુનું કારણ બને છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

**સંયુક્ત પ્રયાસો અને લોકશાહી જવાબદારી**

લોકશાહીમાં ભ્રષ્ટ વ્યવસ્થાને સહન કરવાથી સમાજ દુઃખી થાય છે. ભ્રષ્ટ નેતાઓના સહયોગથી ભ્રષ્ટાચારનો નાશ શક્ય નથી. તેથી નાગરિકોએ મતરૂપી શસ્ત્રનો ઉપયોગ કરીને ભ્રષ્ટ નેતાઓને સત્તાથી દૂર રાખવા જોઈએ. સંયુક્ત અને સક્રિય જનભાગીદારીથી જ ભ્રષ્ટાચાર સામે લડત સફળ બની શકે છે.

**ટેક્નોલોજી અને પારદર્શિતાનો ઉપયોગ**

સોસિયલ મિડિયા, ટીવી, અખબારો અને આધુનિક ટેક્નોલોજી ભ્રષ્ટાચાર સામે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. માહિતી ટેક્નોલોજી દ્વારા વેબસાઇટો અને ડિજિટલ માધ્યમો પર ભ્રષ્ટ વ્યક્તિઓ અંગે માહિતી જાહેર કરવાથી પારદર્શિતા વધે છે અને ભ્રષ્ટાચાર પર અંકુશ આવે છે.

**દેશભક્ત જાસૂસો અને વિશેષ ટીમોની ભૂમિકા**

જ્યારે સમગ્ર તંત્ર ભ્રષ્ટ બને ત્યારે કચેરીઓ, સંસ્થાઓ અને વિભાગોમાં દેશભક્ત અને નિર્ભય વ્યક્તિઓની નિમણૂંક જરૂરી બને છે. આવા લોકો ધન, બળ કે દબાણથી ડરીને ભ્રષ્ટાચારનું સમર્થન કરતા નથી. લાંચ–રુશ્વત નાબૂદી માટે વિશેષ ટીમો રચી, ગુપ્ત તપાસ દ્વારા ભ્રષ્ટાચારીઓને દંડિત કરવું અનિવાર્ય છે.

**કડક સજા અને જાહેર નિંદા**

ભ્રષ્ટાચાર ત્યારે જ અટકશે જ્યારે ભ્રષ્ટાચારીઓને કડક સજા મળશે. આજે ભ્રષ્ટાચારીઓ ઘણી વખત દંડ વિના છૂટે છે, જે તેમને પ્રોત્સાહન આપે છે. ભ્રષ્ટાચારને બળાત્કાર કે હત્યા જેવા ગંભીર ગુનાઓ સમાન ગણીને સખત સજા આપવી જોઈએ. સાથે સાથે, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીની જાહેર નિંદા થવી પણ જરૂરી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

**ચૂંટણીમાં ભ્રષ્ટ નેતાઓનો બહિષ્કાર**

ભ્રષ્ટાચારનો મોટો હિસ્સો રાજકીય ક્ષેત્રમાં જોવા મળે છે. જો પ્રજા પોતાનો મત ભ્રષ્ટ નેતાઓને આપે છે તો ભ્રષ્ટાચારને જ મજબૂતી આપે છે. તેથી મતદાન વખતે નૈતિકતા, પ્રામાણિકતા અને રાષ્ટ્રહિતને પ્રથમ સ્થાન આપવું જરૂરી છે.

**નિષ્ઠાવાન સમાજ અને નૈતિક શિક્ષણ**

માણસ સામાજિક પ્રાણી છે અને સમાજ પર નિર્ભર છે. નિષ્ઠાવાન અને નૈતિક મૂલ્યોથી ભરેલા નાગરિકો જ ભ્રષ્ટાચારમુક્ત સમાજનું નિર્માણ કરી શકે છે. બાળકો અને યુવાનોમાં નૈતિક શિક્ષણ, આધ્યાત્મિક ચિંતન અને સંસ્કાર વિકસાવવાથી આવનાર પેઢીને ભ્રષ્ટાચારથી દૂર રાખી શકાય છે.

**સરકારી કાર્યો અને કરવ્યવસ્થામાં પારદર્શિતા**

સરકારના તમામ કાર્યોમાં પારદર્શિતા અનિવાર્ય છે. કર વ્યવસ્થામાં સરળતા, સમાનતા અને સ્પષ્ટતા લાવવાથી ભ્રષ્ટાચાર પર નિયંત્રણ આવી શકે છે. પ્રામાણિક કર્મચારીઓને પ્રોત્સાહન અને ભ્રષ્ટ કર્મચારીઓને સખત સજા આપવામાં આવે તો વ્યવસ્થા સુધરી શકે છે.

આમ, ડૉ. શિવસાગર ત્રિપાઠીના **'भ्रष्टाचारसप्तशती'** ગ્રંથમાં ભ્રષ્ટાચારને જડમૂળથી નાબૂદ કરવા માટે નૈતિક, સામાજિક, રાજકીય અને વહીવટી તમામ સ્તરે ઉપાયો સૂચવવામાં આવ્યા છે. કવિનું ચિંતન રાષ્ટ્રપ્રેમ, જનકલ્યાણ અને દેશની સર્વાંગી પ્રગતિ માટે ઊંડું અને દિશાદર્શક છે. જો નાગરિકો અને સરકાર બંને આ ઉપાયો અમલમાં મૂકે તો ભ્રષ્ટાચારમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકે.